# ઉમેદવારી પત્ર

પ્રતિ,
શ્રી કીર્તિભાઈ જી. પટેલ
ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદ શહેર આચાર્યસંઘ,
શ્રી ગણેશ વિદ્યાલય, નિકોલ ગામ રોડ,
અમદાવાદ-૩૮૨ ૩૫૦

ફોર્મ ઇસ્યૂ તારીખ : ____________________

____________________
ચૂંટણી અધિકારીની સહી

મહાશયશ્રી

હું ______________________________ અમદાવાદ શહેર આચાર્યસંઘમાં સને ૨૦૧૩-૨૦૧૪ ના સત્ર (બે ટર્મ) માટે ____________________ પદ માટે સંઘના તા. ૦૨-૦૨-૨૦૧૩ ના જાહેરનામાના અનુસંધાને મારી ઉમેદવારી નોંધાવું છું. હું અમદાવાદ શહેર આચાર્યસંઘનું સભ્યપદ ધરાવું છું. મારી વિગતો નીચે મુજબ છે.

## ઉમેદવાર

૧. ઉમેદવારી કરનાર આચાર્યશ્રીનું નામ : ______________________________
૨. શાળાનું નામ - સરનામું : ______________________________
______________________________
૩. ઘરનું સરનામું : ______________________________
૪. ફોન (શાળા) ______________ (ઘર) ______________ (મો) ______________
૫. સંઘનું લવાજમ વર્ષ ૨૦૧૨ - ભર્યા તારીખ .................... પહોંચ નં. .............
સંઘનું લવાજમ વર્ષ ૨૦૧૩ - ભર્યા તારીખ ....................પહોંચ નં. .............

**બાંહેધરી :** અમદાવાદ શહેર આચાર્યસંઘે નક્કી કરેલ તમામ નિયમો તથા નિયત કરેલ આચારસંહિતા મને બંધનકર્તા રહેશે અને હું તેને નિષ્ઠાપૂર્વક અનુસરવાની ખાતરી આપું છું.

ફોમ ભર્યા તારીખ ______________

____________________
ઉમેદવારની સહી તથા શાળાનો સિક્કો

---

## દરખાસ્ત કરનાર

૬. દરખાસ્ત કરનાર આચાર્યશ્રીનું નામ : ______________________________
૭. શાળાનું નામ - સરનામું : ______________________________
૮. ઘરનું સરનામું : ______________________________
૯. ફોન :(શાળા) ______________ (ઘર) ______________
(મો.) ______________
૧૦. સંઘનું લવાજમ વર્ષ ૨૦૧૨ - ભર્યા તા. .............. પહોંચ નં. .......
સંઘનું લવાજમ વર્ષ ૨૦૧૩ - ભર્યા તા. .............. પહોંચ નં. .......

____________________
દરખાસ્ત કરનારની સહી તથા શાળાનો સિક્કો

---

## ટેકો આપનાર

૧૧. ટેકો આપનાર આચાર્યશ્રીનું નામ : ______________________________
૧૨. શાળાનું નામ - સરનામું : ______________________________
૧૩. ઘરનું સરનામું : ______________________________
૧૪. ફોન :(શાળા) ______________ (ઘર) ______________
(મો.) ______________
૧૫. સંઘનું લવાજમ વર્ષ ૨૦૧૨ - ભર્યા તા. .............. પહોંચ નં. .......
સંઘનું લવાજમ વર્ષ ૨૦૧૩ - ભર્યા તા. .............. પહોંચ નં. .......

____________________
ટેકો આપનારની સહી તથા શાળાનો સિક્કો

ગુજરાત રાજ્ય આચાર્યસંઘ સંલગ્ન

# અમદાવાદ શહેર આચાર્યસંઘ (સરકાર માન્ય)

સત્ર ૨૦૧૩-૧૫ ની ચૂંટણી અંગેનું જાહેરનામું — તા. ૦૨-૦૨-૨૦૧૩

સુજ્ઞ સારસ્વત આચાર્ય મિત્રો,

તા. ૧૯-૧૨-૨૦૧૨ ના રોજ મળેલી અમદાવાદ શહેર આચાર્યસંઘ કારોબારીની મિટીંગમાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ના સત્ર (બે ટર્મ) માટે નવી કારોબારી તથા હોદ્દેદારોની ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવી અને આ ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે **શ્રી કીર્તિભાઈ જી. પટેલ** ની નિમણૂંક કરી તેમને આ સબબ તમામ સત્તાઓ આપવી એવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

ગત બે વર્ષ દરમિયાન આપ સૌ આચાર્ય મિત્રોનો ઉષ્માભર્યો સહકાર મળ્યો તે બદલ સમગ્ર કારોબારી સભ્યો આપ સૌના અત્યંત આભારી છીએ.

**ડૉ. સી.કે.પટેલ**
**પ્રમુખ**

**રાકેશભાઈ પંડ્યા**
**મહામંત્રી**

**સુજ્ઞ આચાર્ય મિત્રો,**

સતત પરિવર્તનશીલ સાંપ્રત શિક્ષણપ્રવાહોમાં આચાર્યની ભૂમિકા એક નિર્ણાયક ભાગ ભજવી શકે તેમ છે. પરંતુ આચાર્ય પાસે સતત વધતી જતી સમાજની અપેક્ષાઓ, વાલીઓ-વિદ્યાર્થીઓની સમસ્યાઓ, સરકારનો અવરોધરૂપ નિરર્થક હસ્તક્ષેપ વગેરે મસમોટા પડાકારોનો સામનો કરવા આચાર્યએ સજ્જતા અને મક્કમતા કેળવવાની તાતી જરૂર ઊભી થઈ છે ત્યારે તેના માટે એકલે હાથે ઝઝૂમવું તે સામે પ્રવાહ તરવા જેવું વિકટ છે. આ સંજોગોમાં જો આચાર્યને તેના સમભાવકોનો સહકાર પ્રાપ્ત થાય તો તેનામાં શિક્ષણ માટે કંઈક કરી છૂટવાનું જોમ આવે અને એ માટે આપણી પાસે છે આચાર્યસંઘનું પીઠબળ. તો આવો, આપણે સૌ મતભેદો - મનભેદો ભૂલી સંઘને સંગઠિત કરીએ અને **'સંઘે શક્તિ'**નું સૂત્ર ચરિતાર્થ કરી બતાવીએ.

અમદાવાદ શહેર સમગ્ર ગુજરાતનું માર્ગદર્શક અને પ્રેરણાસ્રોત રહ્યું છે ત્યારે આપણે સૌ આ સંગઠનનું બળ તેમજ ગૌરવ વધે એ રીતે કારોબારી સભ્યો અને હોદ્દેદારોની વરણી કરીએ તે જ અપેક્ષા અને અભ્યર્થના.

**નોંધ : આ જાહેરનામા અનુસંધાને યોજાયેલ ચૂંટણીથી રચાનાર કારોબારી સભ્યો તેમજ હોદ્દેદારોનો કાર્યકાળ (ટર્મ) તારીખ : ૩૧-૧૨-૨૦૧૪ સુધીનો જ રહેશે.**

ભવદીય,
**કીર્તિભાઈ પટેલ**
ચૂંટણી અધિકારી, અમદાવાદ શહેર આચાર્ય સંઘ
શ્રી ગણેશ વિદ્યાલય, નિકોલ ગામ રોડ, અમદાવાદ

### હોદ્દાઓની માહિતી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. અધ્યક્ષ .... | પદ - ૧ | ૬. મંત્રી .... | પદ - ૫ | ૧૨. કારોબારી સભ્ય ... | પદ - ૧૨ |
| ૨. પ્રમુખ ..... | પદ - ૧ | ૭. મહિલા મંત્રી... | પદ - ૧ | ૧૩. કો-ઓપ્ટ સભ્ય ... | પદ - ૧૦ |
| ૩. ઉપપ્રમુખ.. | પદ - ૫ | ૮. સંગઠન મંત્રી.... | પદ - ૫ | ૧૪. આમંત્રિતો..... | પદ -૨ |
| ૪. મહિલા ઉપપ્રમુખ... | પદ - ૧ | ૯. મહિલા સંગઠન મંત્રી . | પદ - ૧ | ૧૫. સારસ્વત મંત્રી.... | પદ - ૧ |
| ૫. મહામંત્રી ... | પદ - ૧ | ૧૦. ખજાનચી .... | પદ - ૧ | ૧૬. કલ્યાણનિધી કન્વીનર .. | પદ - ૧ |
| | | ૧૧. સંયોજક (કો-ઓર્ડિનેટર).. | પદ - ૧ | | |

## પ્રાથમિક સદસ્યતા તથા હોદ્દેદારની ઉમેદવારી અંગેની લાયકાત

### સંઘના પ્રાથમિક સભ્ય

❊ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ અધિકારીના તાબા હેઠળની તમામ રજિસ્ટર્ડ માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાના નિયમાનુસાર નિમણૂંક પામેલ માન્ય આચાર્ય. (**નોંધ** - ઈન્ચાર્જ આચાર્ય કે ઉપાચાર્ય (સેકન્ડ હેડ) સભ્ય બની શકે નહિ)

### કારોબારી સભ્ય તથા હોદ્દેદાર

❊ કારોબારી સભ્ય તરીકે ઉમેદવારી નોંધવાનાર આચાર્યશ્રી છેલ્લા બે વર્ષથી આચાર્યસંઘના સભ્ય હોવા જોઈએ.

❊ હોદ્દેદાર તરીકે ઉમેદવારી નોંધવાનાર આચાર્યશ્રી છેલ્લા બે વર્ષથી આચાર્યસંઘની કારોબારીના સભ્ય હોવા જોઈએ. તેમની દરખાસ્ત રજૂ કરનાર તેમજ તેમને ટેકો આપનાર આચાર્યશ્રી સંઘના બે વર્ષના પ્રાથમિક સદસ્ય હોવા જોઈએ.

## ચૂંટણીની શરતો

❊ ઉમેદવારી કરવા ઇચ્છનાર આચાર્યશ્રીએ નીચે દર્શાવેલ સ્થળેથી નિયત સમય મર્યાદામાં ઉમેદવારીપત્ર મેળવી લેવું અને પૂર્ણ વિગતો સાથે રૂ. ૨૫૦ ફી ભરી જમા કરાવવું.

❊ ચૂંટણી અધિકારીની સહીવાળું ઉમેદવારીપત્રક જ કાયદેસર તેમજ પ્રમાણિત ગણાશે.

❊ અધૂરી વિગતોવાળું કે છેકછાક કરેલું ઉમેદવારીપત્રક રદ ગણવામાં આવશે.

❊ એક કરતાં વધુ પદની ઉમેદવારી માટે દરેક પદ દીઠ અલગ ફોર્મ ભરવાનું રહેશે. એક કરતાં વધારે પદ માટે ઉમેદવારી કરનાર આચાર્યશ્રીની દરખાસ્ત કરનાર તથા ટેકો આપનાર આચાર્યનાં નામ દરેક ફોર્મમાં અલગ અલગ હોવાં જોઈએ.

❊ ઉમેદવારી કરનાર આચાર્યશ્રીનો સેવાકાળ ( ફરજ ) તારીખ ૩૧-૧૨-૨૦૧૪ સુધીનો હોવો જોઈએ.

❊ ઉમેદવારીપત્ર નિયમાનુસાર તેમજ સમય મર્યાદામાં રૂ. ૨૫૦ ફી સાથે નહીં ભરેલું જણાતાં તેને રદ કરવાનો અબાધિત અધિકાર ચૂંટણી અધિકારીનો રહેશે.

❊ ચૂંટણીલક્ષી બાબતો અંગે કોઈપણ વિવાદ ઊભો થાય તો તે માટે સંઘ દ્વારા નિયુક્ત થયેલ ચૂંટણી અધિકારીનો નિર્ણય સર્વમાન્ય તથા આખરી ગણાશે.

## ચૂંટણી કાર્યક્રમ

❊ સ્થળ પરથી ઉમેદવારી **ફોર્મ મેળવવાની તારીખ :** ૧૧-૧૨ ફેબ્રુઆરી ૨૦૧૩ (સમય : સવારે ૮ થી ૧૧)

❊ ઉમેદવારી પત્ર ભરવાની / સ્વીકારવાની **અંતિમ તારીખ :** ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૩ (સમય : સવારે ૮ થી ૧૧)

❊ ઉમેદવારી પત્ર **ચકાણસી તારીખ :** ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૩

❊ ઉમેદવારી પત્ર **પરત ખેંચવાની તારીખ :** ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૩ (સમય : સવારે ૯ થી ૧૨)

❊ કોઈ સંજોગોમાં કારોબારી તથા હોદ્દેદારોની પસંદગી સમરસ ન થાય, તો તે પદ માટેની ચૂંટણી **૦૩ માર્ચ ૨૦૧૩** ના રોજ (સમય : ૧૦ થી ૧ સુધી) યોજાશે.

**ખાસ નોંધ :**

૧. જાહેરનામું તથા ઉમેદવારી પત્ર www.acharyasanghabdcity.com વેબસાઈટ પર મૂકેલ છે. જે ડાઉનલોડ કરી પ્રિન્ટ લઈ શકાશે.

૨. ૧૭-૦૨-૨૦૧૩ ના રોજ ઉમેદવારી પત્ર પરત ખેંચવાના દિવસે ઉમેદવારી કરનાર તમામ સભ્યોએ ફરજિયાત હાજર રહેવું. ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા પૂરી થયા પછી તરત જ અંતિમ ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે. હાજર નહીં રહેનારને ચૂંટણી પ્રક્રિયાના તમામ નિર્ણયો માન્ય રાખવાના રહેશે.

**● ફોર્મ મેળવવાનું, પરત આપવાનું તથા ચૂંટણી સ્થળ ●**

# શ્રી ગણેશ વિદ્યાલય

રઘુવીર પાર્ક સોસાયટી, વિ- ૨, સ્વામીનારાયણનગર સોસાયટી સામે,
નિકોલ ગામ રોડ, અમદાવાદ - ૩૮૨ ૩૫૦